સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

દાઝે ચામ, લગાડે બામ, રામ તો કેવા પડશે!
જામની રાખી હતી આશા, દામ તો દેવા પડશે!
હામ ભરી દીધી બહુમત - હવે રડો છો શું કામ?!
પીડા છે મોંઘવારીની તો ડામ તો લેવા પડશે..
(આકરાં પગલાં)

હાઈકુ

વધ્યું ગૌરવ,
પાટણના પીછાંમાં
રાણ કી વાવ..

થાય કાયદા
પોલીસ સ્ટેશનમાં -
'તોડ' મરોડ

ચિંતન

દુઃખિ તસ્ય નિશા કલ્પઃ સુખી તસ્યૈવ ચ ક્ષણઃ :

'દુઃખી માણસને રાત્રી બ્રહ્માના એક કલ્પ જેવી-જેટલી લાંબી લાગે છે અને સુખી માણસને એજ રાત્રી એક ક્ષણ જેટલી જ ટૂંકી લાગે છે.'

'કેદારનાથ'માં જયારે મેઘ-તાંડવ શરૂ થયું ત્યારે પાકાં મકાનો સહિત ધસમસતા પ્રવાહમાં તણાઇ ગયાં હતાં ત્યારે બચેલા કેટલાંક યાત્રિકો જે બે-બે રાત વરસતાં વરસાદમાં, ઠંડીમાં ભૂખ-તરસ સાથે કોઇ વૃક્ષની ડાળી પર બેસી કાપ્યા તેનું હૃદયદ્રાવક વર્ણન જયારે ટીવી પર સાંભળવા મળ્યું ત્યારે કંપારી છૂટી જાય એવી એક વેદનાની ટીસ અનુભવાય - આવી રાતની એક એક ક્ષણ કેટલી લાંબી લાગે?! ઠંડીમાં સામાન્ય ઝૂંપડીમાં, બહુ ઓછાં સાધનથી રાત્રિ ગુજારનારાં ગરીબની શિયાળાની લાંબી રાત કેટલી બધી લાંબી લાગતી હશે!

સુખી માણસો રાત્રિનાં ભોજન-પાર્ટી-નાટક-સિનેમામાં જ રાત્રિનો એક-બે વગાડી દે - એમને આરામ માટે રાત ટૂંકી પડે! નવપરણિત દંપતિઓને રાત બહુ જ ઓછા કલાકની જ અનુભવાતી હશે!

સુખનો સમય જલદી પસાર થઇ જાય છે દુઃખના દિવસનો અંત આવતો નથી.

સુવિચાર

- ખુદાને આજતક ઉસ કોમકી હાલત નહીં બદલી... ન હો જીસકો ખ્યાલ અપની હાલત કે બદલને કા **- સુહાસ પલ્શીકર**
- રક્ષણનું સાધન આપણા ભીંતર હૃદયમાં પડેલું અને તે છે ઇશ્વરમાં અનંત શ્રદ્ધા **- એસ. ભટ્ટાચાર્ય**
- તમારો ઉત્સાહ જો મંદ પડી ગયો હોય તો કશુંક કામ કરજો, જો તમે કામ કરતાં જ હોય તો કંઇક જુદું જ કરજો **- સ્વીડીશ કહેવત**
- બિન્દુઓ ભેગા મળ્યા... સિન્ધુ આકારમાં... ભવ્યતાનું રૂપ છે જોઇ લ્યો સહકારમાં.. **- શેખાદમ આબુવાલા**
- જે ખરેખર સંત છે તેની પાસે સત્યો અનંત છે.. જે બની બેઠેલ સંત છે તેની પાસે સત્યોનો અંત છે **- ભક્તિસૂત્ર**
- સૌથી શક્તિશાળી અને સમર્થ વ્યક્તિ એ જેને પોતાની જાતમાં દૃઢ વિશ્વાસ હોય **- વિવેકાનંદ**
- જેના હાથમાં ક્ષમા રૂપી શસ્ત્ર છે તેને દુર્જન શું કરશે? ઘાસ વગરની જમીનમાં પડેલો અગ્નિ આપોઆપ ઠરી જાય છે **- સુભાષિત**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

એક સંત આખા બોલા હતા. સામે જે કોઇ આવે તેને તેના સ્વભાવ-રીતભાતનું સત્ય તડને ફડ એક ઘા ને બે કટકા કરી કહી દેતા એ સદાય 'નગ્ન' રહેતા એટલે લોકો તેને 'નગ્ન સત્ય' કહેતા.

એકવાર આ નગ્ન સત્ય એ ગામના જાગીરદારને તેના ચારિત્ર્ય વિશે જેવું હતું તેવું કહી દીધું અને 'હવ સુધરો' કહ્યું - જાગીરદાર ગુસ્સે થયો અને પોતાના કેટલાક ચેલકાને ઉશ્કેરી આ નગ્ન સત્યને મારી કૂટી ગામ બહાર તગેલી મૂક્યું..

.. ત્યાં વૃક્ષ નીચે એક શાંત જટાધારી મૂર્તિ, સંત બેઠા હતા એ સદાય બાળકથી કરી વૃદ્ધને તેના સ્વભાવ-ચરિત્રનાં દોષ દૃષ્ટાંત કથાથી બોધ આપી સમજાવતા લોકો પોતાની ભૂલ સમજી સ્વીકારી સુધારી લેતા લોકો અને બોધકથા કહેતા.

માર ખાઇ, રડતી ડૂસકી લેતી નગ્ન સત્ય ત્યાં આવ્યું. બોધકથાને પોતાની દુખભરી યાતના કહી - બોધકથા કહ્યું આમ 'નગ્ન' રહેવાય નહીં મારાં 'બોધ'ના વસ્ત્રો પહેરી તારી વાત લોકોને સમજાવ...

હવે નગ્ન-સત્ય, બોધકથાનાં વસ્ત્રો પહેરી ગામમાં આવી અને લોકોને એ રીતે સાચી વાત 'બોધ' દ્વારા સમજાવવા લાગી. ગામમાં તેનો આદર સત્કાર થયો... નગ્ન સત્ય એ જ હતું પણ એણે 'બોધકથા'નો લિબાસ પહેર્યો હતો.

ટૂંકી, મધૂર, સ્વયં સ્પષ્ટ બોધકથાનું મહત્ત્વ આ રીતે એક યહુદી પરંપરામાં સમજાવવામાં આવ્યુ છે.

Email - sureshchandrabhatt18@gmail.com

સૉરી... રોંગ નંબર..!! અડધો કલાક ખપાવ્યા બાદ ખબર પડી કે..??

ફોનમાં લાંબી વાત કરવી, એ તો અમારી આદત છે, સાંભળવી કે ન સાંભળવી એ તમારો રિવાજ છે, અહીં છૂંદા, અથાણાં ને વાતોનાં વડાની રેસિપી છે, માણી શકો તો ટાઇમપાસનો પણ રંગીલો મિજાજ છે

દીકરી : હેલ્લો... હેલ્લો...

મમ્મી : હાં હેલ્લો...

દીકરી : હેલ્લો, મમ્મી હું બોલું છું.

મમ્મી : અરે, બોલને, પણ આ તારા અવાજને શુ થયું છે?

દીકરી : બેસી ગયો છે.

મમ્મી : શેનાથી ?

દીકરી : આઇસ્ક્રીમ... કાલે જરા પટેલનો ચાર કપ ખવાઇ ગયો!

મમ્મી : પછ કશું લીધું કે નહીં?

દીકરી : લીધો ને, બીજ આઇસ્ક્રીમ... પેલું કહેવાય છે ને કે ઝેર જ ઝેરનું મારણ!

મમ્મી : કહેવું પડે તારું દિમાગ. પણ આજે આમ અચાનક ફોન કેમ કર્યો?

દીકરી : અરે, કરીશ કરીશ કરતાં રહી જ ગયું. અને હમણાં જ ખબર પડી કે હવેથી અમારું ફોન બીલ આમની કંપનીવાળા ભરવામાં છે એવો તરત જ તને ફોન કર્યો...

મમ્મી : સાચ્ચે જ, તમારું બિલ કુમારની ઓફીસ ભરવાની છે?

દીકરી : હવે, રોજ ફોન પર ટાઇમપાસ કરીશું, ફુલ્લ ટોકટાઇમસ છે!

મમ્મી : અને કુમાર શું કહે છે?

દીકરી : એ ક્યાં કશું કહે છે? ઘરમાં હોય તો કશું કહેશે ને?

મમ્મી : હે ભગવાન, આ તારી સેકન્ડ લેંગ્વેજ છે ને ગુજરાતી એ અર્થનો અનર્થ કરે છે કુમાર કેમ છે? મજાં છે ને?

દીકરી : શું ખબર? હવે કદાચ. એમને છે ને એક પ્રોબ્લેમ થયો છે.

મમ્મી : શું, શું થયું છે એમને?

દીકરી : કેવી રીતે કહું? કહેતા શરમ આવે છે.

મમ્મી : અરે ભગવાન, એટલે એવું તો શું થયું છે?

દીકરી : એમને છે ને... એસીડીટી થઇ છે.

મમ્મી : એસીડીટી?? આ ઉંમરે...

દીકરી : હા જો ને... એમને આ પ્રોબ્લેમ બહુ નાનો લાગે છે, પણ મને કેટલો મોટો પ્રોબ્લેમ છે, કેવી રીતે કહું ?

મમ્મી : એમાં તને શેનો પ્રોબ્લેમ છે?

દીકરી : અરે, એ કાયમ પેટ પકડીને અને હું નાક પકડીને...

મમ્મી : પણ, અચાનક એસીડીટી થઇ કેવી રીતે?

દીકરી : કઇ નહીં, આ બધું બહારનું ખાવાને કારણે થયું છે.

મમ્મી : અરે, શું બોલે છે તું?

દીકરી : સાચ્ચું જ કહું છું.

મમ્મી : પણ તું આટલું કેજ્યુએલી બોલી જ કેવી રીતે શકે?

દીકરી : એટલે હવે જે છે તે છે, એ કહેવામાં શરમ શેની?

મમ્મી : એટલે તને એમનું બહારનું જમવાનું ચાલે છે?

દીકરી : નાઇલાજ છે મમ્મી, રાત્રે ચાર-પાંચ સિરીયલ જોઇને જમતાં કરતાં અગિયાર તો સહેજે વાગી જાય છે, એટલે શું કરું સવારે ઉઠાતું નથી?

મમ્મી : પણ આટલું બધું ટીવી જોવાનું?

દીકરી : ના, ના, વચ્ચે વચ્ચે વોટ્સ એપ પર ચેટ કરું છું, સળંગ ટીવી નથી જોતી... પણ સવારે ઉઠવાનું અને ટીફીન બનાવવાનું...

મમ્મી : હવે, આ ટીફીન ક્યાં વચ્ચે આવ્યું?

દીકરી : અરે, હું ટીફીન નથી બનાવી આપતી એટલે તો...

મમ્મી : આવું તારાથી બોલાય છે જ કેમનું? આટલા કારણથી કુમાર બીજી બાઇઓ પાસે જાય છે અને તું???

દીકરી : મેં જ કીધું, એમને બીજેથી ટીફીન બંધાવી લેવાનું...

મમ્મી : બેશરમ, તેં એમને ટીફીન બહારથી લાવતાં કર્યા?

દીકરી : અરે, એ તો ઘરનું બનાવેલું જ હોય છે. બીલકુલ આપણાં જેવું જ.

મમ્મી : એમનું તીખું વધારે હોય, તેલ પણ ખરાબ હોય...

દીકરી : પણ, એ તો એમને ખબર પડવી જોઇએ ને કે વધારે તીખું કે મસાલાવાળું ના ખવાય? તીખું તમતમતું ખાય તો પછી એસીડીટી જ થાય ને?

મમ્મી : તું શું બોલે છે, મને તો કાંઇ જ સમજાતું નથી.

દીકરી : બહાર ખાઉધરાપણું બતાવે પછી બીજું થાય શું?

મમ્મી : સારૂં ખબર પડ્યું તારું જ્ઞાન. તું એક કામ કર એને રોજ દૂધ પીવડાવવાનું રાખ.

દીકરી : ચલ હટ, મમ્મી તું પણ... દૂધ પીવા શું એ હવે નાના કીકલા છે?

મમ્મી : ઓ મારી મા, ઠંડુ દૂધ પીવડાવવાની વાત કરું છું. એમાથી એમની એસીડીટી ઓછી થશે. બીજો કોઇ પ્રોબ્લેમ નથી ને?

દીકરી : અરે, કાલે જ મને ઉલ્ટી થઇ હતી.

મમ્મી : કંઇ સારા સમાચાર છે કે શું?

દીકરી : એ તો શક્ય નથી, હું પીલ્સ લઉં છું તો એવું તો ક્યાંથી બને?

મમ્મી : બેટા, પાંચ વર્ષ થઇ ગયાં તમારા લગ્નને, થઇ જવા દે હવે બાળક, બહુ મોડું કરીશ તો તકલીફ પડશે.

દીકરી : અરે, થોડા દિવસ મજા કરવા દે ને. નથી જોઇતા મારે આ બાળકોની જવાબદારી. અમારેય કાંઇ સ્વતંત્રતા જોઇએ કે નહીં?

મમ્મી : બાળકો એ જવાબદારી નથી, આપણું સર્વસ્વ છે. સંપૂર્ણ માતૃત્વની નિશાની.

દીકરી : ના હોં મમ્મી, એમાં ફિગર બેડોળ થાય. મારે તો પેલા શાહરૂખની જેમ સરોગેટ મધરથી જ બાળક જોઇએ છે.

મમ્મી : સત્યાનાશ જાય પેલાં શાહરૂખનું, તને તો અક્કલ છે કે નહીં? એવાં કોઇના વાદ લેવાય. આપણાં બાળકને આપણે જ ઉછેરાય.

દીકરી : ઓહો, મમ્મી અકળાઇશ નહીં. ગુડ ન્યુઝ હશે તો તને પહેલો ફોન કરીશ, પછી તું આવી જજે રામાયણ-મહાભરતની વાર્તાઓ કહેવા.

મમ્મી : જસ્ટ લાઇક અ ગુડ ગર્લ... સારું હવે મુકું બીજો કોઇ પ્રોબ્લેમ નથી ને?

દીકરી : નથી કેમ? હમણાંથી એ ખાટું ખાવાના શોખીન થયાં છે.

મમ્મી : હે ભગવાન, આ પાછું શું નવું આવ્યું? ખાટું ખાવાની ઇચ્છા તને થવી જોઈ કે એમને?

દીકરી : મમ્મી પરમ દિવસે તેઓ રાજાપુરી કેરી લઇ આવ્યા. ગઇકાલે આંબળા અને આજે કહેવાતા લીંબુ લાવવાના છે. અથાણું બનાવજે એમ કહેતા હતા. હવે મને ક્યાં આવડે છે આ અથાણાં છૂંદો બનાવતાં? આવો કેવો ખાટું ખાવાનો શોખ?

મમ્મી : મોકલી દે મારા ત્યાં.

દીકરી : એમને?

મમ્મી : ગધેડી, કેરી-આંબળા-લીંબુ મોકલાવ, હું તને અથાણું-છૂંદો, મુરબ્બો બધું બનાવી આપીશ.

દીકરી : ત્યારે, તનેય ક્યાં અથાણું બનાવતાં આવડે છે? આપણાં ઘરે તો રસોઇ પણ પપ્પા જ બનાવે છે. હે, મમ્મી, અથાણું બનાવતાં શીખી ગઇ કે શું?

મમ્મી : પપ્પા? અરે તારા પપ્પાનાં અવસાનને તો ચાર વર્ષ થઇ ગયા. તારા ટેન્શનમાં જ તો એમને એટેક આવેલો. ભુલી ગઇ કે શું તું? તું મધુરા જ બોલે છે ને?

દીકરી : ના, હું તો માધુરી... ઓહ માય ગૉડ, સૉરી હો રોંગ નંબર લાગી ગ્યો લાગે છે... સૉરી, મધુરાના મમ્મી...

ચૂંટલો :

સ્ત્રીઓને ફોન પર લાંબી વાતો કરવાનો શોખ હોય છે. ફોન પર વાત કરવાની ઘેલછામાં ક્યારેક રોંગ નંબર પણ અરધો કલાક ખપાવી નાંખે છે. વાતોનાં વડા કરવામાં સામેની વ્યક્તિ પરિચિય છે કે નહીં? એનીય જલ્દી તસ્દી લેતાં નથી. પછી કહેશે સૉરી, હોં રોંગ નંબર લાગે છે!!

હા, બરાબર તમારી વાત બિલકુલ સાચી છે, એ કારવાળાએ જ તમને અહીં લાવીને દાખલ કરી દીધેલા, હવે તમને સારું લાગે છે, તો જયારે ઇચ્છો ત્યારે જઇ શકો છો, પણ પહેલાં એ કહો કે તમારું નામ શું છે?

નવાં કલેવર

- નટવર હેડાઉ

બિમારી દરમિયાન લગભગ પંદર દિવસથી અજય દવાખાનામાં હતો. આંટી અને નર્સ નિવેદિતાના સેવાભાવથી મનોમન દ્રવીત હતો. એ દવાખાનું બહું મોટું તો નહીં, પણ સારવાર અને વ્યવહારીક કુશળતા માટે સારું એવું પ્રખ્યાત હતું. ટાઇફોઇડ થતાં તેણે એ જ દવાખાનામાં જવાનું મુનાસીબ માન્યું. એકલો પત્રકાર ગમે ત્યાં ગમે ત્યારે ફરવાનું થતું હતું. સ્વભાવને કારણે ઘર છોડવું પડ્યું હતું.

ત્યાં કામ કરતી આધેડવયની નર્સ નિર્મલા પોતાના સ્નેહપૂર્ણ સેવાભાવથી લોકોનું મન જીતી લેતી હતી. દરદીઓ હોસ્પિટલમાંથી રજા લીધા પછી પણ આજીવન તેની સાથે સંબંધો જાળવતા. એક અનોખા પ્રકારની સ્નેહ છલકતી આંખોથી તે સૌને પોતાના કરી લેતી ભાગ્યે જ કોઇને તેનું અસલ નામ ખબર હશે. સૌ તેને આંટી કહીને સંબોધતા તેનામાં આમ તો વિશેષતા કંઇ ન હતી. છતાં એક અપરિમિત સ્નેહનો એ સાગર હતી.

એ એવી કેમ હશે એવું વિચારતો, કોઇ પણ કાર્ય પાછળ કોઇક કારણ હોય છે, કારણ કે દુનિયા કાર્યકારણ ના બંધનથી બંધાયેલી છે. તો નિર્મલાના હૃદયસાગરના અગાધ પ્રેમના છલકવાનું કોઇ કારણ તો ચોક્કસ હોવું જોઇએ? નિર્મલા હોસ્પિટલમાં જ રહેતી હતી. તે પોતાની બાબતમાં કોઇ સાથે કંઇ વાત ન કરતી અને કોઇ પુછે તો પણ વાત હંસીને ટાળી દેતી. અને કહેતી કે એમ સમજો ને કે હું તમારી જ આંટી છું. એથી અજયની જિજ્ઞાસા વધેલી કે એ પોતાની બાબતમાં કંઇ કેમ કહેતી નથી. તેને મનોમન નક્કી કરેલું કે ગમે તે થાય તેની બાબતમાં એ જાણીને જ રહેશે. આ સ્નેહસ્રોતની બાબતમાં જાણવા અને સમજવામાં મદદરૂપ બની હોસ્પિટલની નર્સ નિવેદિતા ડો. દિવ્યેશની આ હોસ્પિટલમાં એ જયારથી આવી ત્યારથી અહીંની જ બની ગઇ હતી. ક્યારેય કોઇ બીજી હોસ્પિટલમાં જવા બાબતે, કે નોકરી છોડવા બાબતે વિચાર્યું નથી. તેને આ હોસ્પિટલમાં ફાવી ગયું હતું. તે કહેતી હતી નિર્મલા પોતાના જીવનનું સત્ય કોઇને પણ ન જણાવવાના જાણે કે સોગંદ લઇને બેઠી હતી. પણ આજે તેની અંતિમ ક્ષણોમાં હું તમારા જેવા સહૃદય અને જિજ્ઞાસુઓને આ વાત જાહેર કરવા માટે મારા સોગંધ તોડું છું. ભગવાન મને મારા એ ગુના માટે માફ કરે. તમે મારા સાક્ષી રહેજો. તેના ચહેરા પર સ્મિત હતું.

હાં ચોક્કસ હું સાક્ષી છું.

તો સાંભળો, એ બનાવ બન્યાને અને નિર્મલાનો પરિચય થયાને લગભગ પચ્ચીસ વર્ષ થવા આવ્યા હશે. એક અજબ સંજોગ કહો કે તે દિવસે મેં પણ મારી ડ્યુટી જોઇન કરેલી. નવા વર્ષનું નવું પ્રભાત હતું. કેટલાય ઉમેદવારોમાંથી ફક્ત મને પસંદ કરવામાં આવી હતી. મારામાં ખુબ ઉત્સાહ હતો.

લગભગ છત્રીસ-સાડત્રીસ વર્ષની આસપાસની ઉંમરની એ સ્ત્રીના વસ્ત્રો પરથી લાગતું હતું કે તે મધ્યમવર્ગના કુટુંબની છે. સપરિવાર નવા વર્ષની ઉજવણી કરવા નિકળેલા દિનકરભાઇની કાર સામે અચાનક જ આવી જતાં તેને બચાવવાની બહુ કોશીષ કરી જેના કારણે તેમને પણ અનેક જગ્યાએ જખ્મો થયા છતાં એ કારની સાથે ભટકાઇ જ ગયેલી. તેથી તેમને આ બેભાન સ્ત્રીને હોસ્પિટલમાં દાખલ કરી દીધેલી. એ સમજાતું નહોતું કે અંદરનો કોઇ ઘા વાગવાથી કે પછી આઘાતથી બેભાન થઇ ગઇ હતી. ડોકટર આવે ત્યાં સુધીમાં મેં તેના ઘા સાફ કરી પાટાપીંડી કરી દીધી હતી. ઘણી જગ્યાએથી લોહી નીકળતું હતું. ડો. દિવ્યેશે આવીને તપાસ્યું.

તેમને એમ લાગ્યું કે અંદરના કોઇ જખ્મોને કારણે નહીં પણ આઘાતથી બેભાન થયેલ છે. બંને ભાઇ ડો. દિવ્યેશ અને દિનકરે નક્કી કર્યું કે પોલીસના જમેલામાં પડવું નથી. તેમને ખબર હતી કે જો એકવાર પોલીસના જમેલામાં ફસાયા તો સમય અને પૈસાની બર્બાદી થશે. પૈસાનો ખર્ચ તો થવાનો જ હતો પણ સમય તેમના માટે બહુ કિંમતી હતો. એ સ્ત્રીની સારવારની વ્યવસ્થા કરી મને જણાવેલું કે તેને કોઇ મુશ્કેલી પડવી ન જોઇએ. ખુબ જ ચીવટથી અને સ્નેહપુર્વકના વહેવારથી તેને ખુશ રાખું. જેટલા દિવસ તે સ્વસ્થ ન થાય ત્યાં સુધી અહીં જ રાખ્યા પછી જવા જવું હશે ત્યાં તેને મોકલી દઇશું. એક્સીડેન્ટ બાબતે કોઇને કંઇ કહેવું નહીં એવી પણ ચેતવણી મને મળેલી.

મને પણ નવી નવી નોકરી મળેલી એટલે તેમનો વિશ્વાસ સંપાદન કરવા માંગતી હતી. તેથી સૂચના મુજબ ખુબ જ લગન પૂર્વક કામ કરેલું. એવું જાણવા મળેલું કે પોલીસ ઇન્ક્વાયરી થયેલી કે એક્સીડેન્ટનો કોઇ કેસ હોસ્પિટલમાં આવેલો છે કે નહીં. પણ ના પાડી દીધેલી તેથી વાત આગળ વધી નહોતી.

લગભગ ચાર કલાક પછી ભાનમાં આવતાં તે બુમાબુમ કરવા લાગેલી. હું માં નથી... હું માં નથી... અને ફરી એ બેભાન થઇ ગયેલી. અજબ સ્થિતિ હતી એ ભાનમાં આવતાં જ બુમો પાડતી હતી.

છેવટે ભાનમાં આવી ત્યારે તેણે પુછ્યું 'હું ક્યાં છું.'

'હોસ્પિટલમાં' મેં કહ્યું.

'હોસ્પિટલમાં હવે શું કામ? મારી સુવાવડ તો થઇ ગઇ. મને ફરી શું કામ અહીં લાવ્યા. મારે પૈસા જોઇતા નથી. મને જવા દો. મેં તો બધુ ખોઇ દીધું. મારે કંઇ ન જોઇએ. મહેનત કરીને મારું ભરણપોષણ કરીશ.' તે હાથ જોડવા લાગી હતી. મને જવા દો. ચુપચાપ ભાગી જવા દો. મારા પર દયા કરો હું કોઇને કાંઇ નહીં કહું.

ડો. દિવ્યેશ એ વખતે વિઝિટ પર આવ્યા હતા. તેમને શોરબકોર સાંભળ્યો એટલે વોર્ડમાં આવ્યા. તેમને એ સ્ત્રીના ખભે સ્નેહપૂર્વક હાથ મુક્યો. 'શાંતિ રાખો હું સમજાવું છું કે તમે હોસ્પિટલમાં ક્યાંથી આવ્યા. તમે કાર સાથે ભટકાઇ ગયેલાં.'

'જુઠ્ઠું, બિલકુલ જૂઠ, હું અહીં નહીં રહું, આ બધી ચાલાકી છે.'

ડોકટરે સામેથી હટી જઇ રસ્તો દેતા કહ્યું, 'જવું હોય તો જાવ, અહીં કોઇ રોકશે નહીં, પણ પહેલાં થોડો વિચાર કરજે. તમારે ગભરાઇને ભાગવાની જરૂર નથી. આ મારી હોસ્પિટલ છે. તમે જવા માટે આઝાદ છો.' સારું જરા યાદ તો કરો તેણે થોડીવાર પછી પુછેલું... કંઇ યાદ આવે છે? નજર આમ તેમ ફેરવી થોડું યાદ કરવાની કોશીષ કરી પછી બોલી... હાં મને યાદ આવે છે. હું કંઇ સમજી નહોતી, જયાં સુધીમાં કંઇક સમજું ત્યાં કાર સાથે ટકરાઇ ગયેલી તે પછીનું કંઇ યાદ નથી. હા... ખરેખર ટકરાઇ ગયેલી તેણે બરાબર આખી વાત યાદ કરતાં કહ્યું.

હા, બરાબર તમારી વાત બિલકુલ સાચી છે. એ કારવાળાએ જ તમને અહીં લાવીને દાખલ કરી દીધેલા. હવે તમને સારું લાગે છે, તો જયારે ઇચ્છો ત્યારે જઇ શકો છો. પણ પહેલાં એ કહો કે તમારું નામ શું છે?

ને થોડીવાર ચુપ રહી. પછી તેમની સામે જોઇને બોલી, 'મારું નામ નિર્મલા.... હાં હું નિર્મલા છું.'

'સારું નિર્મલાબેન તમે બીજું કંઇક કહેતા હતા.' ડોકટર હસતાં હસતાં તેની સામે સ્ટુલ પર બેસી ગયા.

શું?

એવું કંઇક બોલતાં હતા કે મારે પૈસા નહીં જોઇએ. મને જવા દો, ઠીક છે તમે જઇ શકો છો પણ પૈસા આપવાની વાત હોય તો અહીં સારવારનાં પૈસા લેવામાં આવે છે. આપવામાં આવતા નથી. તમારે આટલા દિવસની સારવારનાં પૈસા આપવા પડશે. તમે તમારા ઘરનાં લોકોનું સરનામું આપો જેથી તમને ડીસ્ચાર્જ કરી શકાય.

નિર્મલા ફરી વિચારમાં પડી ગઇ. કોણ જાણે શું વિચારતી હતી. તેને એ પણ ખબર નહોતી કે તેણે પોતાનું નામ સાચું આપ્યું છે કે નહીં. મોટે ભાગે આવી પરિસ્થિતિ ઉભી થવાનું તેણે ધાર્યું ન હતું. ચારે બાજુ જોઇ ખુબ ઉદાસ તેણે કહ્યું. ડોકટર સાહેબ તમારી હોસ્પિટલ તો બહુ મોંઘી લાગે છે. મારી પાસે એટલા પૈસા નહીં હોય. મારું તો આ દુનિયામાં કોઇ નથી. મને રજા આપી દો.

(ક્રમશઃ)

સમયનું પસાર થવું અનિવાર્ય છે, વાસ્તવમાં સમય પસાર થતો નથી પણ વ્યક્તિ પસાર થઇ જતી હોય છે

અક્ષયપાત્ર

- બકુલ દવે

જવાની ખ્વાબ કી સી બાત હૈ દુનિયાએ-ફાની મૈં,
મગર યે બાત કિસી કો યાદ રહતી હૈ જવાની મેં ।

- સીમાબ અકબરાબાદી

અર્થાત્ આ નશ્વર દુનિયામાં યુવાની સપના જેવી છે, પણ તેનું સ્મરણ ભાગ્યે જ કોઇને રહે છે. સામાન્ય રીતે સોળ વર્ષની આસપાસનો સમય યુવાનીનો પ્રારંભનો છે. યુવાની ક્યારે શરૂ થાય અને કેટલી લંબાઇ શકે તે વ્યક્તિનાં મન અને મનની તાસીર પર અવલંબે એછે.

શૈશવનું કોચલું તૂટે પછી એમાંથી રંગબેરંગી પતંગિયું બહાર આવે છે - તે છે યુવાની. પતંયિગું ઊડવા માટે પાંખ પ્રસારે છે ત્યારે એની આસપાસ હોય છે. વસંતનો ઝળહળતો તડકો. એમાં એના રંગ વધુ આકર્ષક બની જાય છે, જે એનામાં ખુમાર જગાવે છે, એની સામે હોય છે પૂર્ણ વિકસિત સુગંધિત ફૂલો, મધુની મિષ્ટતાને આસ્વાદવાની અને પરાગને પુષ્પાતરિત કરવાની એ ક્ષણો આહ્લાદથી અને રોમાંચથી ભરપૂર હોય છે.

સ્વપ્નો જેવા આ સમયમાં વ્યક્તિને સતત લાગ્યા કરે છે કે એ જાણે મહત્તમ શિખર પણ છે. આકાશ અને સ્પર્શી શકાય તેટલું નિકટ જણાય છે અને આખુય વિશ્વ બાથ ભરી શકાય એટલું નાનું. ઝવેરચંદ મેઘાણીએ કહ્યું છે તેમ ઘટમાં ઘોડા થનગને છે અને આતમ પાંખ વીંઝે છે. આ સમયે એને યોગ્ય રાહબર અને રાહ સાંપડે તો એના જીવનને એક લક્ષ્ય પ્રાપ્ત થાય છે.

યુવાની : જીવનનું મેઘધનુષ

પણ બધા યુવાન એવા સદ્ભાગી હોતા નથી, જેમને પોતે યુવાનીના નિર્ણાયક સમયમાંથી પસાર થઇ રહ્યા હોય છે તેનું સ્મરણ રહે. આ જ સમય છે જયારે જીવનને ઘાટ આપી શકાતો હોય છે, તે એ વીસરી જાય છે. અનેક પ્રલોભનોની જાળમાં પતંગિયું ફશાઇ જાય છે. સમયની ભભૂકતી આગમાં મહામૂલી ક્ષણો સૂકાં લાકડાંની જેમ બનીને રાખમાં ફેરવાતી રહે છે. અચાનક જ સપનું પુરૂં થાય છે, જયારે એક દિવસ વાળમાં સફેદી દેખાવા લાગે છે ને ચહેરા પર કરચલીનું જાળું બંધાવાનો અણસાર મળે છે. ચુગલીખોર અરીસો યથાર્થનું ભાન કરાવે છે.

અંગ્રેજ કવિ જહોન મિલ્ટને લખ્યું છે કે સમય યુવાનીને ખુબીથી છીનવી લેતો ચોર છે. કોઇ કવિએ કહ્યું છે, "જોબનિયું આજ આવ્યું ને કાલે જાશે." સમયનું પસાર થવું અનિવાર્ય છે. વાસ્તવમાં સમય પસાર થતો નથી પણ વ્યક્તિ પસાર થઇ જતી હોય છે.

શૈશવના કોશેટામાંથી બહાર આવેલું પતંગિયું આમતેમ થોડું ઊડી ક્યારે અંતર્ધાન થઇ ગયું તેની શરત જ ન રહી, તે ખટક્યા કરે છે. થાય છે, કેટકેટલું કામ કરી શકાયું હોય, પણ... મન વારંવાર સમીકરણો માંડે છે. "આમ થયું હોય ને તેમ ન થયું હોત તો?"

અકબર ઇલાહાબાદીનો એક શેર છે :

જવાની કી દુઆ લડકોં કો નાહક લોગ દેતે હૈ,
યહી લડકે મિટાતે હૈ, જવાની કો જવાં હો કર ।

અર્થાત્ વડીલો છોકરાઓને જુવાન થવાના આશીર્વાદ આપે છે તે નિરર્થક છે, કારણ કે એ જ છોકરાઓ મોટા થાય છે ત્યારે જુવાનીને વેડફી નાખે છે.

જેણે યુવાની સાર્થક કરી જાણી હોય છે એની પ્રૌઢાવસ્થા અને ઘડતણ પણ નિરર્થક - ઢસરડા જેવું કે એકધારાપણાના અનુભવમાં જકડી રાખે તેવું નથી બની રહેતું.